ગ. મ. પ્ર. ગાં. (એચ) ૨૨૪-૭૫૦૦-૫-૯૭.



રાજ્ય સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે
અનામત જગ્યાઓ રાખવા બાબત.

# ગુજરાત સરકાર

## સામાન્ય વહીવટ વિભાગ

ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૨-૫-૧૯૯૭

સંદર્ભ :— (૧) સા. વ. વિ.ની તા. ૯/૪/૯૭ની અધિસૂચના ક્રમાંક : જીએસ/૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ. ૨.

(૨) સા. વ. વિ.ની તા. ૯/૪/૯૭ની અધિસૂચના ક્રમાંક : જીએસ-૯૭/૧૪ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

## પરિપત્ર

સામાન્ય વહીવટ વિભાગની સંદર્ભમાં જણાવેલી તા. ૯/૪/૯૭ની અધિસૂચનાઓથી રાજ્ય સરકાર હેઠળની તમામ સેવાઓ અને જગ્યાઓ પર મહિલાઓને નિમણૂક માટે ૩૦ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત સરકારી નોકરીમાં સીધી ભરતીના તબક્કે મહિલાઓને ઉપલી વય-મર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ મૂકવાની જોગવાઈ કરવામાં આવી છે. આ હુકમોનો તા. ૯/૪/૯૭ કે તે પછી ભરતી માટેની જાહેરાતોમાં ચુસ્તપણે અમલ કરવામાં આવે તે અંગે ખાતરી કરવા સંબંધકર્તા તમામ નિમણૂક અધિકારીઓ/ભરતી સંસ્થાઓને આથી સૂચનાઓ આપવામાં આવે છે.

૨. મહિલાઓ માટે રાખવામાં આવેલ અનામત જગ્યા તથા ઉપલી વય--મર્યાદામાં છૂટછાટ આપવા અંગે ઉપર મુજબ થયેલ હુકમોના સંદર્ભમાં સરકારશ્રી સમક્ષ કેટલાક મુદ્દા ઉપસ્થિત થયા હતા. આ બાબતે કાળજીપૂર્વક વિચારણા કરી ઉપસ્થિત થયેલ મુદ્દાઓ અંગે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે:—

| અ.નં. | મુદ્દો | સ્પષ્ટીકરણ |
| --- | --- | --- |
| ૧. | તા. ૯/૪/૯૭ના આદેશ પહેલાં જે જગ્યાઓની જાહેરાત થયેલી હોય પરંતુ ઈન્ટરવ્યુ કે પરીક્ષા લેવાયેલ ન હોય તેવા કિસ્સામાં અનામતના આ હુકમો લાગુ પડે કે કેમ ? | તા. ૯/૪/૯૭ પહેલાં જાહેરાત થયેલ હોય અને અરજી મોકલવાની સમય-મર્યાદા તા. ૯/૪/૯૭ પહેલાં પૂરી થઈ ગયેલ હોય તેવા કિસ્સામાં અનામતના હુકમો લાગુ પડે નહીં. પરંતુ આ જાહેરનામું બહાર પડ્યું તે દિવસે અરજીઓ મોકલવાની સમય-મર્યાદા પૂરી થઈ ન હોય તેવા કિસ્સામાં ફરીથી જાહેરાત આપી અરજીઓ મોકલવાની સમય-મર્યાદા લંબાવવાની રહેશે. તા. ૯/૪/૯૭ પછી જાહેરાત બહાર પડી હોય તેવા પ્રસંગે અનામતના હુકમોનો અમલ શરૂ થશે. |
| ૨. | જો કોઈ કિસ્સામાં અનામત બેઠક પર મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી બેઠક કોને ફાળવવી ? | મહિલા માટેની કુલ અનામત બેઠક જેટલી મહિલા ઉપલબ્ધ ન થાય તે સંજોગોમાં તેવી બેઠક જે જાતિ માટે અનામત હોય તે જાતિના પુરુષ ઉમેદવારને ફાળવી શકાશે. તે જ પ્રમાણે જો કોઈ જાતિ માટે બેઠક અનામત ન હોય તો બિન-અનામત કક્ષાના પુરુષ ઉમેદવારને બેઠક ફાળવી શકાશે. |
| ૩. | જે પ્રમાણે અનુ. જાતિ/જનજાતિ વગેરે માટે રોસ્ટર પ્રથા દાખલ કરેલ છે. તે પ્રમાણે આ અનામતના સંદર્ભમાં રોસ્ટર ક્રમાંક નિયત કરવામાં આવ્યો છે કે કેમ ? | અનામતની ગણતરી ખૂબ સહેલી હોવાથી રોસ્ટર ક્રમાંક નિયત કરવા જરૂરી જણાયેલ નથી. દર દશ બેઠકે ત્રણ બેઠક મહિલાઓ માટે અનામત રાખવાની થાય છે. આ હેતુસર પ્રથમ વખતે ત્રણ બેઠક ભરાય તે તબક્કે એક બેઠક મહિલાઓ માટે, બીજી વખત ત્રણ બેઠક ભરાય તે તબક્કે એક બેઠક મહિલાઓ માટે અને ત્રીજી વખતે ચાર બેઠક ભરાય તે વખતે એક બેઠક મહિલાઓ માટે અનામત રાખવાની થશે. આ પ્રમાણે બેઠકની ગણતરી મહિલાઓ માટે અનામત રાખવાની થશે. આ પ્રમાણે બેઠકની ગણતરી અનુ. જાતિ/અનુ.જનજાતિ સા. અને શૈ. રીતે પ. વર્ગો અને અન્ય એ પ્રમાણે અલગ અલગ ગણવાની રહેશે. જો કોઈ એક ભરતી પ્રસંગે કોઈ જાતિના ઉમેદવાર માટે ત્રણ બેઠક ભરવાની થતી ન હોય તો તેવા પ્રસંગે પાછીના ભરતી પ્રસંગમાં અનામતની ગણતરીના હેતુસર અગાઉના ભરતી પ્રસંગની બેઠક ગણતરીમાં લેવાની રહેશે. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૪. | જો કોઈ પ્રસંગે અનામત બેઠક ઉપર પૂરતી સંખ્યામાં મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તેવી બાકી આગળ ખેંચવામાં આવશે કે કેમ ? | ઉપર મુદ્દા નં. ૩ માં જણાવ્યા પ્રમાણે કોઈ ભરતી પ્રસંગે ત્રણ કરતાં ઓછી બેઠક ભરવાની થતી હોય તો આવી ભરાયેલી જગાની ગણતરી પછીના ભરતી પ્રસંગે કરવાની રહેશે. પરંતુ જ્યારે જગા અનામત જાહેર કરવામાં આવેલી હોય તેવે પ્રસંગે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી જગા ઉપર મુદ્દા નં. ૨ માં જણાવ્યા અનુસાર બેઠક પુરા ઉમેદવારને ફાળવી આપવામાં આવશે. આ પ્રમાણે આગામી વર્ષમાં આવી બાકી જગા આગળ ખેંચવાની રહેતી નથી. |
| ૫. | શારીરિક ખોડખાંપણ અને માજી સૈનિકો માટે જે બેઠક અનામત રાખવામાં આવેલી હોય તેમાં મહિલા ઉમેદવારને અનામતનો લાભ મળી શકે કે કેમ ? | હા. જી. |
| ૬. | રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત અને સંચાલિત બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટી વગેરે સંસ્થાઓમાં આ હુકમો લાગુ પડશે કે કેમ ? | જે પ્રમાણે અનુ. જાતિ, અનુ.જનજાતિ અને સા. અને શૈ. રીતે પછાત વર્ગોના અનામત અંગેના આદેશો રાજ્ય સરકાર સંચાલિત બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટી વગેરેને લાગુ પડે છે તે જ પ્રમાણે તેવી સંસ્થાઓ હસ્તકની નોકરીઓમાં મહિલા ઉમેદવારો માટે પણ અનામતના હુકમો લાગુ પડશે. |
| ૭. | જો કોઈ મહિલા ઉમેદવાર મેરીટને ધોરણે પસંદગી પામે તો તેને અનામત જગા સામે ગણવાના રહેશે કે કેમ ? | હા. જી. કુલ જગાના ૩૦ ટકા જગા મહિલા ઉમેદવારો મારફત ભરવાનો સરકારનો ઉદ્દેશ છે. આથી ૩૦ ટકા જગા પર ભરતી કરતી વખતે મેરીટને ધોરણે દાખલ થયેલા હોય તેવા ઉમેદવારની ગણતરી કરી ૩૦ ટકામાં જેટલા ઉમેદવારો ખૂટતા હોય તેટલા ઉમેદવારો અનામતના ધોરણે દાખલ થઈ શકશે. |
| ૮. | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે કે કેમ ? જો હા, તો તે માટે શું સિદ્ધાંતો અનુસરવાના રહેશે ? | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે. તે માટે નીચેના સિદ્ધાંતો અનુસરવાના રહેશેઃ—<br><br>(૧) જે જગા માટે માત્ર સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિથી ભરતી કરાતી હોય તે જગા પર વિધવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમણે મેળવેલ ગુણમાં કુલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે. તે જ પ્રમાણે માત્ર રૂબરૂ મુલાકાતને આધારે જ જગા પર ભરતી કરાતી હોય તેવી જગાની બાબતમાં પણ રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણમાં કુલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી પસંદગીયાદી તૈયાર કરવાની રહેશે.<br><br>(૨) જે કિસ્સામાં સ્પર્ધાત્મક પરીક્ષા અને રૂબરૂ મુલાકાત બંનેની જોગવાઈ હોય તે કિસ્સામાં ઉપર ક્રમ (૧) મુજબ દરેક તબક્કે ૫ ટકા ગુણ ઉમેરી પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે.<br><br>(૩) જે કિસ્સામાં પરીક્ષામાં બેસવા અથવા તો ઈન્ટરવ્યુ આપવા માટે એસ. એસ. સી. વગેરે લાયકાતની પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે પાત્રતા નક્કી થતી હોય તેવા કિસ્સામાં પાત્રતા નક્કી કરવાના હેતુસર ગુણની જરૂરીયાતમાં ૫ ટકાની છુટ મૂકવાની રહેશે.<br><br>(૪) ઉપર (૧) થી (૩) મુજબનો લાભ માત્ર એવી મહિલાઓને જ આપવાનો રહેશે. જેમણે ભરતી તથા નિમણૂક સમયે પુનઃલગ્ન કરેલ ન હોય. |

૩. સરકારના ઉપરોક્ત હુકમોનું ચુસ્તપણે પાલન કરવા તમામ નિમણૂંક સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે. આ હુકમોના ચુસ્ત અમલની સઘળી જવાબદારી નિમણૂંક સત્તાધિકારીની રહેશે.

૪. ઉપરોક્ત સૂચનાઓ રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટી વગેરેના ધ્યાન ઉપર લાવવા અને તેનું ચુસ્તપણે પાલન કરવા અંગે સંબંધિત વિભાગોને આથી સૂચનાઓ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. કે. જોષી,

સંયુક્ત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.

વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર

સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ. (૧૦ નકલો)

*સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, જૂનું સચિવાલય, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત સિવિલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો (પાંચ નકલો)

સર્વે ખાતા/કચેરીના વડાઓ.

સર્વે સરકારી કર્મચારીઓના માન્ય મંડળો/મહામંડળો.

સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ.

સિલેક્ટ ફાઈલ/ગ.૨ શાખા.

---

*પત્ર દ્વારા.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

રાજ્ય સરકારની નોકરીમાં મહિલાઓ માટે
અનામત જગ્યાઓ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ.૨ (ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ-૧૧/૧૧/૨૦૧૪

<u>સંદર્ભ</u> (૧) સામાન્ય વહીવટ વિભાગ ના તા.૯/૪/૯૭ની જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

(૨) સામાન્ય વહીવટ વિભાગ ના તા.૧૪/૬/૧૨ની જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૧૨/૧૨/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

(૩) સામાન્ય વહીવટ વિભાગ ના તા.૧૧/૧૧/૨૦૧૪ ની જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૧૪ /૩૭ / સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ (ભાગ-૧)

<u>ઠરાવઃ-</u>

સામાન્ય વહીવટ વિભાગની સંદર્ભમાં જણાવેલ તા.૯/૪/૯૭ની અધિસૂચનાથી રાજ્ય સરકાર હેઠળની તમામ સેવાઓ અને જગ્યાઓ પર મહિલાઓને નિમણુંક માટે ૩૦ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઇ કરવામાં આવી છે. તેના બદલે સંદર્ભમાં જણાવેલ તારીખ.૧૧/૧૧/૨૦૧૪ ના જાહેરનામાથી મહિલાઓને નિમણુંક માટે ૩૦ ટકાના બદલે ૩૩ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઇ કરવામાં આવી છે. આ હુકમો આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખ.૧૧/૧૧/૨૦૧૪થી અમલમાં આવેલ છે. આથી આ જાહેરનામું અમલમાં આવ્યાં તારીખ.૧૧/૧૧/૨૦૧૪ ના રોજ જે જગ્યાની સીધી ભરતી માટેની જાહેરાતો પ્રસિદ્ધ થઇ ગઇ હોય અને અરજી કરવાની તારીખ પૂર્ણ થયેલ ન હોય તેવી તમામ સીધી ભરતી માટેની જાહેરાતોને પણ મહિલાઓને નિમણુંક માટે ૩૩ ટકા અનામતની જોગવાઇ લાગુ પડશે.

સંબંધિત ભરતી કરનાર એજન્સીએ આ અંગે સંબંધિત જગ્યાની જાહેરાતના સંદર્ભે યોગ્ય તે સુધારા સાથેની જાહેરાત યોગ્ય માધ્યમો દ્વારા પ્રસિદ્ધ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સદાદીયા)

સંયુક્ત સચિવ (ક.ગ)

સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.

માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

માન.સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડો. જીવરાજ મહેતા ભવન, સચિવાલય ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત સિવિલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો (પાંચ નકલો) ( વિભાગ હેઠળના ખાતા / કચેરીના વડાઓને ધ્યાને મુકવા વિનંતિ)

સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીઓ.

સિલેક્ટ ફાઇલ/ ગ.ર શાખા.

---

- પત્ર દ્વારા

રાજ્ય સરકારની નોકરીઓમાં મહિલાઓ
માટે અનામત જગાઓ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૨/૦૯/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧)સા.વ.વિ.ના તા.૦૯/૪/૯૭ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૯૭/૧૩/સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૩/ગ.૨

(૨)સા.વ.વિ.ના તા.૦૯/૪/૯૭ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૯૭/૧૪/સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૩/ગ.૨

(૩)સા.વ.વિ.ના તા.૧૪/૬/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃજીએસ/૨૦૧૨/૧૨/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨

(૪)સા.વ.વિ.ના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃજીએસ/૨૦૧૪/૩૭/ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ.૨,(ભાગ-૧)

(૫)સા.વ.વિ.ના તા.૦૧/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨,

(૬)નામદાર ગુજરાત હાઇકોર્ટનું LPA No. 1910/2019 અને અન્ય કેસો અંગેનું તા:૦૫/૦૮/૨૦૨૦નું કોમન ઓરલ જજમેન્ટ.

**આમુખઃ**

સામાન્ય વહીવટ વિભાગના ક્રમ-(૧) થી (૪)માં વખતો વખત રાજય સરકારની સીધી ભરતીની સેવાઓ અને જગ્યાઓ ઉપર મહિલા અનામતની ૩૦% જોગવાઈ અને ત્યારબાદ ૩૩% જોગવાઈ અને તેને સંલગ્ન નિયમો પ્રસિધ્ધ કરેલ છે.

તા.૧૪-૬-૨૦૧૨ના જાહેરનામાથી મહિલા અનામત લાગુ કરવાની કાર્યપધ્ધતિ દર્શાવવામાં આવી છે, જ્યારે તા.૧-૮-૨૦૧૮ના ઠરાવથી મહિલા અનામત બાબતે સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૧૮૯૬૮/૨૦૧૮માં મહિલા અનામતની ગણતરી અંગેની પ્રવર્તમાન સૂચનાઓ અને તેમાં આવેલ ચૂકાદાને પડકારવામાં આવતા તે કેસમાં એલ.પી.એ. નં.૧૯૧૦/૨૦૧૯ અને અન્ય સંલગ્ન કેસમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૮-૨૦૧૮ના ઠરાવને રદ કરવામાં આવેલ છે.

**-:ઠરાવ:-**

ઉપર્યુકત ચુકાદાને અનુલક્ષીને સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ આથી રદ કરવામાં આવે છે.

૨. નામદાર ગુજરાત હાઈકોર્ટ ના એલપીએ નં. ૧૯૧૦/૨૦૧૯ તમન્નાબેન અશોકભાઈ દેસાઈ વિ. શીતલ અમૃતલાલ નિશારના તા.૫/૮/૨૦૨૦ના ચુકાદામાં નામદાર હાઈકોર્ટ દ્વારા પેરા ૫૭ અને ૫૮માં કોર્ટ દ્વારા મહિલા અનામતની બાબતમાં સ્પષ્ટ આદેશ આપેલ છે. જેમાં મહિલાઓને

દરેક કેટેગરીમાં અપાતા હોરીઝોંટલ રીઝર્વેશનની અસર કઈ રીતે આપવાની રહે છે તેના આદેશો (Directions) ધ્યાને લઈ નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

મહિલા અનામતને સંબંધ છે ત્યાં સુધી અનામત કક્ષાની જે તે કેટેગરી અર્થાત અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો (SEBC)ની જગાઓ હોરીઝોંટલ (Horizontal) રીઝર્વેશનમાં તેમને ફાળે આવતી જગા અનામતની જગા તરીકે આરક્ષિત રહેશે, અર્થાત, ૩૩% મહિલા અનામત પૈકી જે જગ્યા હોરીઝોંટલ (Horizontal) રીઝર્વેશન પૈકી અનુ.જાતિ, જનજાતિ કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની હોય તે કેટેગરીની મહિલાઓ તેમની કેટેગરી છોડીને અન્યોન્ય આરક્ષિત કેટેગરીમાં સ્પર્ધા કરી શકશે નહીં. ઉપરાંત સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો પણ આરક્ષિત કેટેગરી સામે સ્પર્ધા કરી શકશે નહીં, પરંતુ જે જગ્યાઓ હોરીઝોંટલ રીઝર્વેશન પૈકી અનુ.જાતિ, જનજાતિ કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ન હોય તે અંગે પારા-૫૮ માં નામ. કોર્ટ દ્વારા નીચે મુજબ સ્પષ્ટ કરેલ છે.

"......... There is no reservation for posts in the General Category, and horizontal reservation in favour of women in the General Category is available to be filled up from amongst all women irrespective of their caste status. ......"

૩. આ સંજોગોમાં મહિલા અનામત પૈકીની જનરલ કેટેગરીની જગ્યા માટે તમામ કેટેગરીની મહિલાઓ સ્પર્ધા કરી શકશે અને આ જગ્યાઓ ગુણવત્તા (Merit)ને આધારે ભરવાની રહેશે, એટલે કે Open Merit માં આવતી મહિલાઓને તેમની સંબંધિત (Respective) Compartmental Horizontal SC, ST, SEBC કેટેગરીમાં ગણી લેવાની રહેશે નહીં.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૦૨/૦૯/૨૦૨૦ની મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૫. ઉપર્યુક્ત સૂચનાઓ સચિવાલયના વહીવટી વિભાગો અને તેના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરીના વડા, બોર્ડ/કોર્પોરેશનને અનુસરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ્વ.ત્રિવેદી.

(જ્વલંત ત્રિવેદી)

અધિક સચિવ (ક.ગ)

સામાન્ય વહીવટ વિભાગ,

ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર (કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ)
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો. **(તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/બોર્ડ/કોર્પોરેશનોને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)**
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ
પસંદગી ફાઇલ
*પત્ર દ્વારા